# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૦૨/૧૦/૨૦૨૫ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૩૮૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૭૫ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૭૨ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતું.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૩૮૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ત્રીજા માળેથી પડી જતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં. ૧૩૮૪/૨૦૨૫**

**બોડકદેવઃ** હેબતપુર લેબર કોલોની નવી બનતી સાઈટ "બીનોરી એરીસ્ટોલ" ખાતે વોટર પ્રુફીંગનુ કામકાજ કરતા અનિલ મોહનભાઇ નિનામા (ઉ.વ.૨૩) (મુળ રહે.બલાતોકા ખેડા પો.સ્ટ.ખજેરા તા–ઘાટોલ જી–બાંસવાડા રાજસ્થાન) તા.૩૦/૦૯/૨૦૨૫ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે નવી બનતી સાઈટના ત્રીજા માળે વોટર પ્રુફીંગનુ કામ કરતા હતા ત્યારે અચાનક પગ લપસી જતા નિચે ભોંયતળીયે પડી જતા શરીરે ગંભીર ઈજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.યુ.રહેવર ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં. ૧૩૮૫/૨૦૨૫**

**રામોલઃ** જીતેન્દ્રભાઇ દુધાભાઇ ચૌહાણ (ઉ.વ.૫૭)(રહે.પ્રધુમન સોસાયાટી સી.ટી.એમ રામોલ) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૦/૨૦૨૫ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે બેઠક રૂમમાં પંખા સાથે ઘાબળો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નરેન્દ્ર દાજીરાવ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી